RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 338* Date: 05.10.2020 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફના નિવેદનથી ખળભળાટ

કોરોનાગ્રસ્ત ડોનાલ્ડ ટ્રમ્પ માટે આગામી ૪૮ કલાક મહત્ત્વપૂર્ણ..!

વૉશિંગ્ટન,તા.૪

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના વાયરસનો ચેપ લાગ્યાના સમાચાર સામે આવ્યા છે ત્યારથી દુનિયાભરમાં તેમની ચર્ચા ચાલી રહી છે. આ બધાની વચ્ચે વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ માર્ક મીડોઝે કહ્યું હતું કે કોરોના વાયરસથી સંક્રમિત યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ ચિંતાજનક' તબક્કામાંથી પસાર થયા છે અને આગામી ૪૮ કલાક તેમના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ટ્રમ્પની એક લશ્કરી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હોસ્પિટલમાં લઈ જતાં પહેલાં ટ્રમ્પને વ્હાઈટ હાઉસ ખાતે ઓક્સિજન આપવામાં આવ્યું હોવાના ઘટસ્ફોટ બાદ આ ટિપ્પણી કરવામાં આવી હતી. જોકે વ્હાઈટ હાઉસના સ્ટાફે જણાવ્યું હતું કે ટ્રમ્પમાં માત્ર નજીવા લક્ષણો જ જોવા મળ્યા હતા. અગાઉ ટ્રમ્પના ડૉક્ટરોએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ 'ખૂબ સારા મૂડમાં છે' અને છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન તેમને તાવ આવ્યો નથી. આ દરમ્યાન ડોનાલ્ડ ટ્રમ્પે હોસ્પિટલમાંથી એક સંદેશ બહાર પાડીને કહ્યું કે તેઓ ખૂબ જ સારું મહેસૂસ કરી રહ્યા છે. આપણે બધી બાબતોને નોર્મલ કરવા માટે તનતોડ મહેનત કરવી પડશે. મારે ફરી પાછું આવવું પડશે કારણ કે આપણે અમેરિકાને ફરી એકવાર મહાન બનાવવાનું છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પને કોરોનાનો ચેપ લાગતાં રિપબ્લિકન પાર્ટીની સમસ્યા વધી ગઇ છે. ચૂંટણી પ્રચાર અને પ્રેસિડેન્શિયલ ડિબેટના સંદર્ભમાં આ મહિનો મહત્વનો સાબિત થવાનો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉંમર, સ્થૂળતા, હાઇ કોલેસ્ટરોલનું સ્તર અને પુરુષ હોવાના કારણે ટ્રમ્પના કોરોના વાયરસનું ચેપ લાગવાનું જોખમ વધી રહ્યું છે. શુક્રવારે પહેલી પ્રેસિડેન્શિયલ ડિબેટના એક દિવસ બાદ જ ટ્રમ્પે પોતે સંક્રમિત થયાની માહિતી ટ્વીટ કરી આપી હતી.

વ્હાઇટ હાઉસ તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને રેમડેસિવીર દવા આપવામાં આવી રહી છે. કોરોના સંક્રમણની કોઈ સારવાર નથી, પરંતુ આ વાયરસને નબળો કરવા માટે જે દવાઓની સૌથી વધુ ચર્ચા રહી છે, તે પૈકી એક રેમડેસિવીર છે. અમેરિકાએ આ વર્ષે મે મહિનામાં રેમડેસિવિરને ગંભીર રીતે બીમાર કોરોના દર્દીઓને સારવાર માટે ઉપયોગની મંજૂરી આપી હતી. રેમડેસિવિર અમેરિકાની ફાર્મા કંપની ગિલિયડની એક એન્ટીવાયરલ દવા છે. આ દવાનો મોટો જથ્થો ખેપ અમેરિકાએ ભારત પાસેથી મંગાવી હતી.

આગામી જુલાઈ સુધીમાં ૨૫ કરોડ લોકોને કોરોના વેક્સિન આપવાનુ સરકારનુ લક્ષ્યાંક : ડૉ. હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કોરોનાના લાખો કેસ વચ્ચે એક લાખ લોકોના મોત આ જીવલેણ વાયરસથી થઈ ચુક્યા છે ત્યારે હવે કેન્દ્ર સરકારના મંત્રી હર્ષવર્ધને કોરોનાની વેક્સિનને લઈને મહત્વનુ નિવેદન આપ્યુ છે.

આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને કહ્યુ હતુ કે, ભારત સરકારનુ લક્ષ્ય છે કે, જુલાઈ ૨૦૨૧ સુધીમાં ૨૫ કરોડ જેટલા ભારતીયોને કોરોનાની વેક્સિન ઉપલબ્ધ કરાવવી. સરકારની યોજના આ વેક્સિનના ૫૦ કરોડ જેટલા ડોઝ મેળવવાની અને ઉપયોગની છે.

રાજયોને ઓક્ટોબરના અંત સુધીમાં તેમની વસતીના કયા ગ્રૂપને વેક્સિનની વધારે જરુર છે તેની જાણકારી આપવા માટે કહ્યુ છે.સરકારની પ્રાથમિકતા સ્વાસ્થ્ય કર્મીઓમાં સૌથી પહેલા રોગ પ્રતિકારક ક્ષમતા ડેવલપ કરવાની છે. તેમણે કહ્યુ હતુ કે, વેક્સિનની ખરીદી કેન્દ્રિય સ્તરે કરાશે.વેક્સિનની જેટલી પણ ખેપ પહોંચાડાશે તેનુ ટ્રેકિંગ થશે.વેક્સિન પ્રોડક્શન માટે કંપનીઓને સરકાર તમામ પ્રકારનુ સમર્થન આપી રહી છે.ભારત સરકાર વેક્સિન બનાવવા માટેનુ મટિરિયલ ઉપલબ્ધ કરવા માટે પણ પ્રતિબધ્ધ છે.

બંગાળમાં કમ્યુનિટી ટ્રાન્સમિશનના સ્તરે પહોંચ્યો કોરોના વાઈરસ: મમતા બેનર્જી

(જી.એન.એસ)કલકત્તા,તા.૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સ્વીકાર કર્યો છે કે રાજયમાં કોરોના વાઈરસનું સંક્રમણ કમ્યુનિટી ટ્રાન્સમિશનના સ્તરે પહોંચી ગયો છે. પશ્ચિમ બંગાળમાં કેટલાક જ દિવસમાં દુર્ગા પૂજાનો તહેવાર શરૂ થવાનો છે. આને તરત પહેલા મમતા બેનર્જીની આ સ્વીકારોક્તિ મહત્વની છે.

સીએમ મમતા બેનર્જીએ કહ્યુ કે અમે કોરોના મહામારીની વચ્ચે છે, અમારા ત્રણ ધારાસભ્યોની પહેલા જ મોત થઈ ચૂક્યુ છે. અમારી પાસે આ જાણકારી નથી કે દેશભરમાં કેટલા લોકો મર્યા છે. હવે કમ્યુનિટી ટ્રાન્સમિશન થઈ રહ્યુ છે.

મમતાનું આ નિવેદન ત્યારે આવ્યુ છે જયારે તે હાથરસની ઘટનાના વિરૂદ્ધ કલકત્તામાં એક વિરોધ માર્ચ નીકાળી રહી હતી. આ માર્ચમાં સેંકડો ટીએમસી કાર્યકર્તા સામેલ થયા, આમાંથી ઘણા માસ્ક વિનાના હતા.

દુર્ગા પૂજા પહેલા મમતા બેનર્જીએ ચિંતા વ્યક્ત કરતા કહ્યુ કે એટલી સાવધાની અને સુરક્ષા બાદ પણ આને રોકી શકાય નહીં.

ભાજપ પર હુમલો કરતા મમતા બેનર્જીએ કહ્યુ કે છેલ્લા કેટલાક મહિનાઓમાં કોરોનાના કારણે અમે કોઈ રેલી કરી નથી. માત્ર ભાજપ રેલી કરી રહ્યુ છે અને નફરત તેમજ કોરોનાને સતત ફેલાવી રહી છે. ઉલ્લેખનીય છે કે બંગાળમાં અત્યાર સુધી કોરોનાના ૨.૬૬ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. શનિવારે જ ૩૩૪૦ લોકોને કોરોના થયો. આ છેલ્લા કેટલાક અઠવાડિયાનો સર્વાધિક આંકડો છે. રાજયમાં કોરોનાથી થયેલા મોતનો આંકડો ૫૦૦૦ ને પાર કરી ગયો છે. ૩ ઓક્ટોબરે સ્વાસ્થ્ય વિભાગના આંકડા અનુસાર રાજયમાં ૫૧૩૨ લોકોના મોત નીપજ્યા છે.

એલઓસી પર પાકિસ્તાનનું ફાયરિંગ: ભારતે આપ્યો જડબાતોડ જવાબ

શ્રીનગર,તા.૪

જમ્મુ-કાશ્મીરમા લાઇન ઓફ કંટ્રોલની પાસેના પૂંછ જિલ્લાના મનકોટ વિસ્તારમા પાકિસ્તાનની સેનાએ સીઝફાયરનુ ઉલ્લંઘન કરીને ગોળીબારી કરી અને મોર્ટાર દાગ્યા હતા. ભારતીય સેનાએ ફાયરીંગનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન સતત કોઇ કારણ વગર એલઓસી પર ફાયરિંગ કરી રહ્યુ છે.

એના પહેલા ૧ ઓક્ટોબરના રોજ ભારતીય સીમામા પાકિસ્તાન તરફથી થયેલા ગોળીબારમા ભારતીય સેનામા ૩ જવાન શહીદ થયા છે અને ૫ જવાન ઘાયલ થયા છે. પાકિસ્તાને લાઇન ઓફ કંટ્રોલના નૌગામ સેક્ટર, કુપવાડામા કોઇ કારણ વગર સતત સીઝફાયરનુ ઉલ્લંઘન કર્યુ. જેમા ૨ જવાન શહીદ થઇ ગયા અને ૪ ઈજાગ્રસ્ત છે.

પાકિસ્તાનની આ નાપાક હરકતમા ભારતીય સેનાએ હવલદાર કુલદિપ સિંહ, શુભમ શહીદ થયા. ઉલ્લેખનીય છે કે, બુધવારની રાતે લાંસ નાયક કરનેલ સિંહ પુંછના કૃષ્ણા ઘાટીમા પાકિસ્તાનની તરફથી ફાયરીંગમા શહિદ થયા હતા જ્યારે વિરેન્દ્ર સિંહ ઘાયલ થયા છે. પુંછ જિલ્લાના કૃષ્ણા ઘાટી સેક્ટરમા પાકિસ્તાનમા ગોળીબારી કરવી ભારે પડી. નિયંત્રણ રેખા પર ભારતીય જવાનોની જવાબી કાર્યવાહીમા પાકિસ્તાનની સેનાના એક કેપ્ટન સહિત અનેક ત્રણ સૈનિકના મોત થયા. તેમની ૪ ચોકીઓ સંપૂર્ણ રીતે તબાહ થઇ ગઇ છે.

વધુ ૯૪૦ના મોત સાથે મૃત્યુઆંક પણ ૧,૦૧,૭૮૨એ પહોંચ્યો

દેશમાં કોરોનાના કુલ કેસ ૬૫ લાખને પાર: ૨૪ કલાકમાં ૭૫૮૨૯ પોઝિટિવ કેસ

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કોરોના વાઈરસનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૫,૮૨૯ પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૯૪૦ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૫,૪૯,૩૭૪ પર પહોંચી ચૂકી છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૧,૦૧,૭૮૨ લોકોને ભરખી ચૂક્યો છે.

હાલ દેશમાં ૯,૩૭,૬૨૫ કોરોનાના એક્ટિવ કેસો છે. જો કે રાહતની વાત એ છે કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા

કેસો કરતાં સ્વસ્થ થનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધી કુલ ૫૫,૦૯,૯૬૭ સંક્રમિતો સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

જ્યારે ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો ત્રીજી ઓક્ટોબર સુધી ૭,૮૯,૯૨,૫૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૧,૪૨,૧૩૧ ટેસ્ટ શનિવારે કરાયા છે. આ જાણકારી સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૩૦,૮૬૧ પર પહોંચી ચૂકી છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં ૭,૧૩,૦૧૪ કોરોના પોઝિટિવ કેસ છે. આજ રીતે કર્ણાટકમાં ૬,૩૦,૫૧૬ તમિલનાડુમાં ૬,૧૪,૫૦૭ અને ઉત્તર પ્રદેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪,૧૦,૬૨૬ પર પહોંચી ચૂકી છે.

પશ્ચિમ બંગાળમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૨,૬૬,૯૭૪ અને અત્યાર સુધી ૫,૧૩૨ લોકોના મોત થયા છે. ઝારખંડમાં ૮૬,૨૭૭ કોરોના પોઝિટિવ કેસો છે, જ્યારે અત્યાર સુધી ૭૩૪ સંક્રમિતો મોતને ભેટ્યાં છે. આંકડાકિય દ્રષ્ટિએ ૭ ઓગસ્ટના કોરોનાના કુલ સંક્રમિતોનો આંક ૨૦ લાખને પાર થયો હતો જ્યારે ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૫૦ લાખ દર્દીઓ નોંધાયા હતા. ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખનો આંક પાર થયો હતો તેમજ ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ દર્દીઓનો આંકડો નોંધાયો હતો. એક સપ્તાહથી ઓછા સમયમાં વધુ પાંચ લાખ દર્દીઓ કોરોના સંક્રમિત થતા રવિવારે દેશમાં કુલ કોરોના દર્દીઓનો આંક ૬૫ લાખને વટાવી ગયો છે.

અયોધ્યામાં બનનારી મસ્જિદ માટે પહેલુ ડોનેશન એક હિન્દુએ આપ્યુ

લખનૌ,તા.૪

અયોધ્યામાં બનનારી મસ્જિદને પહેલુ દાન એક હિન્દુ દ્વારા આપવામાં આવ્યુ છે.

મસ્જિદ માટેના ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ટ્રસ્ટને પહેલો ચેક મળ્યો છે.ટ્રસ્ટના સચિવ અતહર હુસૈનના કહેવા પ્રમાણે શનિવારે લખનૌ યુનિવર્સિટીમાં લો ફેકલ્ટીમાં કામ કરતા રોહિત શ્રીવાસ્તવે ટ્રસ્ટને ૨૧૦૦૦ના ડોનેશનનો ચેક આપ્યો હોત.મસ્જિદ નિર્માણ માટે આ પહેલુ ડોનેશન છે.આ પહેલા અતહર હુસૈને અપીલ કરી હતી કે, મસ્જિદ માટે દાન આપનારા માત્ર મહેનત અને પ્રમાણિકતાથી મેળવેલા પૈસા જ દાન કરે.ખાસ કરીને વીજળી ચોરી, ટેક્સ ચોરી, સંઘરાખોરી, લાંચ મેળવીને ભેગા કરેલા પૈસાની ટ્રસ્ટને જરુર નથી.

ભારતે યુએનમાં પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને પોતાની નીતિ સ્પષ્ટ કરી

જિનિવા,તા.૪

ચીન સાથે ચાલી રહેલા તનાવ વચ્ચે ભારતે પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને ફરી પોતાની નીતિ સ્પષ્ટ કરી છે.

સંયુક્ત મહાસભાના વિશેષ શસ્ત્રામાં ભારતે પોતાની પરમાણુ હથિયારોનો પહેલો ઉપયોગ નહી કરવાની નીતિ દોહરાવી હતી.ભારતે કહ્યુ હતુ કે, અમે નો ફર્સ્ટ યુઝની પોલીસી પર કાયમ છીએ અને જે દેશ પાસે પરમાણુ હથિયારો નથી તેની સામે ભારત ક્યારેય પરમાણુ હથિયારોનો પ્રયોગ નહીં કરે.

ઉલ્લેખનીય છે કે, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે તાજેતરમાં કહ્યુ હતુ કે, અત્યાર સુધી ભારતની નીતિ પરમાણુ હથિયારોનો પહેલો ઉપયોગ કરવાની નથી રહી પણ ભવિષ્યમાં શું થશે તે પરિસ્થિતિ પર આધાર રાખે છે.ચીન સાથેના તનાવ વચ્ચે રાજનાથસિંહના નિવેદનથઈ અનેક અટકળો વહેતી થઈ હતી પણ યુનાઈટેડ નેશન્સમાં ભારતના નિવેદન બાદ સ્થિતિ સાફ થઈ ગઈ છે.

જોકે ભારતનુ પાડોશી દેશ પાકિસ્તાન આવી નીતિમાં માનતુ નથી.તેના નેતાઓ અનેક વખત કહી ચુક્યા છે કે, પાકિસ્તાન જરુર પડી તો પરમાણુ હથિયારોનો ઉપયોગ કરતા ખચકાશે નહીં.ઈમરાનના મંત્રી શેખ રશીદે તાજેતરમાં આવી ધમકી આપી હતી.

ભારતના વિદેશ સચિવ હર્ષ શ્રૃંગલાએ આ સત્રમાં કહ્યુ હતુ કે, દુનિયાને પરમાણુ હથિયારોથી મુક્ત કરવાની પ્રક્રિયા તબક્કાવાર હાથ ધરવામાં આવે તો જ તેનો અર્થ સરશે.

આ માટે પરમાણુ સંપન્ન દેશો વચ્ચે પહેલા વિશ્વાસ ઉભો કરવો પડશે અને આ માટે વૈશ્વિસ સંકલ્પ લેવો પડશે.ભારત પરમાણુ હથિયારોની નાબૂદી માટે અને ભેદભાવ વગર આખી દુનિયામાં પરમાણુ નિઃશસ્ત્રીકરણ થાય તે માટે કટિબધ્ધ છે.

એલજેપી નેતા રામ વિલાસ પાસવાનની હાર્ટ સર્જરી કરાઇ

ન્યુ દિલ્હી,તા.૪

છેલ્લા ઘણા દિવસોથી બીમાર રહેતા કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાનની મોડી રાત્રે હાર્ટ સર્જરી થઈ. દિલ્હીની એક હોસ્પિટલમાં તેમની હાર્ટ સર્જરી કરાઈ હતી. જમુઈના સાંસદ રામવિલાસ પાસવાનના દીકરા ચિરાગ પાસવાને ટ્વીટ કરીને આ માહિતી આપી. એલજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને જણાવ્યું કે પપ્પાની છેલ્લા ઘણા દિવસથી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ગઈકાલે સાંજે અચાનક જ ઉભી થયેલી પરિસ્થિતિઓના લીધે મોડી રાત્રે હૃદયનું ઓપરેશન કરવું પડ્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહે ફોન કરીને કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસાવનની તબિયત પૂછી છે. પીએમ મોદીએ રામવિલાસ પાસવાનના દિકરા અને લોક જનશક્તિ પાર્ટી (LJP)ના અધ્યક્ષ ચિરાગ પાસવાનને ફોન કર્યો હતો. ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે જો જરૂર પડે તો શકય છે કે થોડાંક સપ્તાહ બાદ તેમના પિતાનું બીજું ઓપરેશન કરવું પડે. ચિરાગે કહ્યું કે આ સંકટની ઘડીમાં મારા અને મારા પરિવારની સાથે ઉભા રહેવા બદલ તમારા બધાનો આભાર.

આપને જણાવી દઈએ કે બિહારની ચૂંટણી સમયે કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાન બીમાર છે. શનિવારે યોજાનાર એલજેપી સંસદીય બોર્ડની બેઠક રામ વિલાસ પાસવાનની માંદગીને કારણે સ્થગિત કરી દેવામાં આવી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૦૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૪૨૭૦૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૯

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૪૬

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૨૨૪૬૫

તંત્રી સ્થાનેથી...

ઘરમાં આ છોડને રાખવાથી ચમકી જાય છે કિસ્મત, કંગાળને પણ બનાવી દે છે માલામાલ

પૈસા કમાવવા માટે લોકો સખત મહેનત કરે છે જેથી કરીને તેઓ એક સારું જીવન પસાર કરી શકે. જીવનમાં પૈસા કમાવવા માટે મહેનત કરવાની સાથોસાથ તમે વાસ્તુશાસ્ત્રમાં જણાવવામાં આવેલ ઉપાયો પણ અજમાવવા જોઈએ. વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરમાં પૈસાની બચત જળવાઈ રહે તેના માટે ઘરમાં કાસુલાનો છોડ જરૂર લગાવવો જોઈએ. કાસુલાનો છોડ ઘરમાં રાખવાથી ધનમાં બરકત થાય છે અને તેના લીધે આ છોડને મની ટ્રી પણ કહેવામાં આવે છે.

સામાન્ય રીતે લોકો ધનલાભ માટે ઘરમાં મની પ્લાન્ટ રાખે છે અને વાસ્તુશાસ્ત્રમાં પણ માનવામાં આવેલ છે કે મની પ્લાન્ટ આસપાસ હોવાથી ધનની કમી ક્યારેય થતી નથી. મની પ્લાન્ટ ની જેમ જ વાસ્તુ શાસ્ત્રમાં કાસુલાનો છોડ પણ ધન લાભ સાથે જોડવામાં આવેલ છે અને આ છોડને ઘરમાં રાખવાથી વ્યક્તિ માલામાલ બની જાય છે.

જોવામાં આ છોડ એકદમ ફેલાયેલો લાગે છે અને તેનાં પાંદડાં પણ થોડા જાડા અને પહોળા હોય છે. કાસુલા છોડના પાંદડા મુલાયમ હોય છે અને થોડા સખત પણ હોય છે. આ છોડને દરરોજ પાણી આપવાની જરૂરિયાત રહેતી નથી અને જો તમે બે-ત્રણ દિવસે પણ પાણી ના આપો તો તે સુકાતું નથી. આ છોડને તમે નાના ક્યારામાં પણ લગાવી શકો છો. આના સિવાય આ છોડને ઊર્જાનો સ્ત્રોત પણ માનવામાં આવે છે. આ છોડને ઘરમાં રાખવાથી ઘરમાં સકારાત્મક ઊર્જા જળવાઈ રહે છે અને નકારાત્મક ઉર્જા ખતમ થઈ જાય છે. સાથોસાથ આ છોડને ઘરમાં રાખવાથી ઘરની હવા પણ શુદ્ધ રહે છે.

આ છોડ સાઈઝમાં નાનો હોય છે અને ઓછી જગ્યા પણ રોકે છે. આ છોડને ફેંગશુઈમાં પણ શુભ માનવામાં આવેલ છે. ફેંગશુઈ અનુસાર આ છોડને ઘરમાં રાખવાથી પૈસા પોતાની મેળે ખેંચાઈને આવે છે અને તમને ધનલાભ પ્રાપ્ત થાય છે.

આ છોડને ક્યાં રાખવો

કાસુલાનો છોડ અમે ફક્ત ઘરની અંદર જ રાખો અથવા ઘરના પ્રવેશદ્વાર પાસે જ લગાવો. જો તમે તેને ઘરના પ્રવેશ દ્વાર ની પાસે રાખો છો તો તેને જમણી બાજુ રાખો. એવું માનવામાં આવે છે કે તેને ઘરના પ્રવેશદ્વાર પાસે રાખવાથી ઘરમાં નકારાત્મક ઉર્જા પ્રવેશ કરી શકતી નથી અને ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે. વળી ધનલાભના હેતુ માટે આ છોડને ઘરના પોતાના રૂમમાં રાખો. રૂમમાં આ છોડને રાખવાથી ધન હાનિ થતી નથી અને પૈસામાં બરકત રહે છે.

આ છોડને ઘરમાં રાખવાથી થોડા દિવસો બાદ જ તમને તેની અસર જોવા મળશે અને ઘરમાં સુખ-શાંતિ તથા ધનની કમી થશે નહીં. આ છોડ સિવાય તમે ઈચ્છો તો પોતાના ઘરમાં મની પ્લાન્ટ પણ રાખી શકો છો. આ બંને છોડને એક સાથે રાખવા પણ શુભ માનવામાં આવે છે. જો કે તમે મની પ્લાન્ટ અને ફક્ત દક્ષિણ દિશાની તરફ જ રાખો અને આ છોડને પાણી આપતા રહો.

કોંગ્રેસે પંજાબમાં કૃષિ કાયદા વિરુધ ખેતી બચાવો યાત્રા કાઢી

સત્તામાં આવતાં જ કોંગ્રેસ ત્રણે નવા કૃષિ કાયદાને કચરાપેટીમાં નાંખશેઃ રાહુલ ગાંધી

મોગા,તા.૪

કૃષિ કાયદાનો વિરોધ અને ખેડૂતોના સમર્થનમાં પંજાબના મોગામાં કોંગ્રેસે ખેતી બચાવો યાત્રા કાઢી. મોગાની રેલીમાં રાહુલ ગાંધીએ હાથરસ કેસનો મુદ્દો ઉઠાવતા યોગી સરકાર પર આક્રમક પ્રહારો કર્યા. આ ઉપરાંત નવા કૃષિ કાયદા મુદ્દે પણ મોદી સરકાર પર નિશાન સાધ્યું.

તેમણે કહ્યું કે ×યુપીમાં સ્થિતિ એટલી ખરાબ છે કે જે પરિવારની પુત્રી મૃત્યુ પામી તેને જ સીએમ અને ડીએમ ધમકી આપે છે. તેમણે કહ્યું કે હું યુપી ગયો હતો જ્યાં એક પુત્રીને મારી નાખવામાં આવી. હત્યારાઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ નથી. જે પરિવારની પુત્રી મૃત્યુ પામી તેમને જ ઘરમાં કેદ કરી દેવાયા. ડીએમ અને સીએમએ ધમકી આપી. ભારતમાં આ સ્થિતિ છે. અપરાધીઓને તો કશું ન થયું પરંતુ વિક્ટિમ સામે પગલા લેવાયા.×

રાહુલ ગાંધીએ કૃષિ કાયદા મુદ્દે સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે કોવિડ-૧૯ મહામારીમાં આ કાયદાને લાગુ કરવાની શું જરૂર હતી? એટલી શું ઉતાવળ હતી? જો તમારે આ લાગુ કરવા જ હતાં તો લોકસભા-રાજ્યસભામાં પહેલા ચર્ચા કરવી જોઈતી હતી. પીએમ મોદીનું કહેવું છે કે ખેડૂતો માટે કાયદો લાગુ થયો છે. જો આમ જ હતું તો તેના પર સદનમાં ખુલ્લી ચર્ચા કેમ ન થઈ?

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે જો ખેડૂતો તેનાથી ખુશ છે તો દેશભરમાં પ્રદર્શન કેમ ચાલે છે. કેમ પંજાબનો દરેક ખેડૂત પ્રદર્શન કરી રહ્યો છે? રાહુલે વધુમાં કહ્યું કે હું તમને ગેરંટી આપુ છું કે જે દિવસે કોંગ્રેસ સત્તામાં આવી તે સમયે આ ત્રણેય કાળા કાયદાને હટાવીને વેસ્ટ પેપર બાસ્કેટમાં ફેકી દેશે.

ઉલ્લખનીય છે કે, તાજેતરમાં જ સંસદના ચોમાસુ સત્રમાં લોકસભા અને રાજ્યસભામાં સત્તાધારી મોદી સરકારે ત્રણ કૃષિ સુધારા બીલ પસાર કર્યા હતાં. આ બિલને લઈને પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યા હતા કે નરેન્દ્ર મોદી, અંબાણી અને અદાણીની સરકાર ચલાવી રહ્યા છે, જે માટે મીડિયાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મોદીજી એમના માટે જમીન સાફ કરી રહ્યા છે અને બદલામાં તેઓ મોદીજીને સમર્થન આપી રહ્યા છે.

હાથરસ ગેંગરેપઃ યોગી સરકારે સીબીઆઈ તપાસના આદેશ આપ્યા

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશના હાથરસમાં યુવતીની હત્યા અને કિથત રેપની ઘટનાની તપાસ હવે સીબીઆઈને સોપવામાં આવશે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ તપાસ સીબીઆઈને સોપવાના આદેશ આપ્યા છે. અગાઉ બસપા સુપ્રીમો માયાવતીએ પણ સીબીઆઈને તપાસ સોપવાની માગણી કરી હતી. બીજી તરફ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ હાથરસની પીડિતાના પરિવારની સાથે મુલાકાત કરી હતી અને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. જ્યારે દેશમાં અનેક સૃથળે હાથરસ કાંડના વિરોધમાં દેખાવો થયા હતા. બીજી તરફ મીડિયા સાથેની વાતચીતમાં પીડિતાના પરિવારે પણ સંતોષ જાહેર કર્યો છે.

જોકે પીડિતાના ભાઈએ કહ્યું હતું કે અમે ઈચ્છીએ છીએ કે સુપ્રીમ કોર્ટના જજની આગેવાનીમાં આ સમગ્ર મામલાની તપાસ થાય પણ સીબીઆઈ તપાસ પણ યોગ્ય છે, અમને તપાસ માત્રથી સંતોષ નથી, અમે ઈચ્છીએ છીએ કે સરકાર અને પ્રશાસન જવાબ આપે કે અમારી દિકરીના મૃતદેહને આમ રાતોરાત અમારી મંજૂરી વગર જ કેમ સળગાવી દેવામાં આવ્યો? ડીએમએ અમારી સાથે ગેરવર્તન કેમ કર્યું?

સાથે જ ફરિયાદી અને પીડિતાના પરિવાર તેમજ પોલીસકર્મીઓના નાર્કો ટેસ્ટ કરાવવાના નિર્ણયનો પરિવારે વિરોધ કર્યો હતો. પીડિતાના પરિવારે નાર્કો ટેસ્ટ કરાવવાની ના પાડી દીધી છે. આ પહેલા યોગી આદિત્યનાથની ઓફિસ દ્વારા ટ્વીટ કરવામાં આવ્યું હતું કે હાથરસના સમગ્ર પ્રકરણની તપાસ સીબીઆઈને સોપવાના આદેશ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આપ્યા છે.

યુપી કરતા છત્તીસગઢમાં બનેલી રેપની ઘટના નાનીઃ કોંગ્રેસ મંત્રીની જીભ લપસી

રાયપુર,તા.૪

હાથરસ રેપ કાંડ પછી પણ દેશમાં બીજા રાજ્યોમાં પણ મહિલાઓ પરના અત્યાચાર અને રેપની ઘટનાઓ રોકાઈ રહી નથી.છત્તીસગઢના બલરામપુરમાં પણ રેપની ઘટના બન્યા બાદ હવે ભાજપે કોંગ્રેસની રાજ્ય સરકારને ઘેરી છે. રેપ પર પૂર્વ સીએમ અને ભાજપના નેતા રમણસિંહે સવાલ કર્યો તો કોંગ્રેસની સકારના મંત્રી શિવ ઘહરિયાની જીભ લપસી ગઈ હતી.તેમણે કહ્યુ હતુ કે, છત્તીસગઢના રેપની ઘટના કરતા હાથરસ રેપની ઘટના ઘણી મોટી છે.એક પ્રેસ કોન્ફરન્સમાં તેમને સવાલ કરાયો ત્યારે તેમણે કહ્યુ હતુ કે, અમારે ત્યાં જે ઘટના બની છે તે હાથરસ જેવી ઘટના નથી.આ તો નાનો બનાવ બન્યો છે.ભાજપને તો છત્તીસગઢ સરકારની ટીકા કરવા સિવાય બીજુ કોઈ કામ નથી.

જોકે આ નિવેદન બાદ હવે રમણ સિંહે કોંગ્રેસના મંત્રી પર નિશાન સાધતા કહ્યુ છે કે, આ વિકૃતિ માનસિકતાનો પૂરાવો છે કે, છત્તીગઢની દીકરીઓ સાથે થતા રેપની ઘટના નાની લાગે છે.રાહુલ ગાંધી સ્પષ્ટતા કરે કે, છત્તીસગઢમાં થઈ રહેલા રેપના બનાવો તમને પણ નાના લાગે છે...આવી વિચારધારા ધરાવતા મંત્રીને તમે આજે હટાવશો કે કાલે

દરમિયાન મંત્રી શિવ ઘહરિયાએ કહ્યુ હતુ કે, રમણસિંહ કેમ યુપીની ઘટના પર બોલતા નથી.છત્તીસગઢના બલરામપુરમાં તો નાની ઘટના બની છે.જોકે એ પછી મંત્રીએ સફાઈ આપી હતી કે, મેં ક્યારેય રેપના બનાવને હળવાશથી લેવાની વાત કરી નથી.મેં તો રેપ થયા બાદ જે ઘટનાક્રમ સર્જાયો હતો તેને લઈને મંતવ્ય આપ્યુ હતુ.

ઓક્સફર્ડની કોરોના વેક્સીન આગામી ૩ મહિનામાં તૈયાર થવાની સંભાવના

લંડન,તા.૪

દુનિયાભરમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. ૧૦ લાખથી વધારે લોકો અત્યાર સુધીમાં મોતને ભેટ્યો છે. કોરોનાના વધતા જતા સંક્રમણ વચ્ચે દુનિયાભરના દેશોને એક એવી વેક્સીનની જરૂરીયાત છે કે આ મહામારી સામે અસરકાર ક અને સુરક્ષીત સાબિત થાય. કોરોના વાયરસની વેક્સીન વિકસીત કરવાની રેસમાં સોથે આગળ ચાલી રહેલી ઓક્સફોર્ડ યૂનિવર્સિટીએ વેક્સીનને લઈને સુખરૂપ સમાચાર આપ્યા છે.

બ્રિટનમાં કોરોના વાયરસની વેક્સીન આગામી ત્રણ મહિનાની અંદર આવી જશે. એક સમાચાર પત્રએ સરકારી વૈજ્ઞાનિકોના હવાલાથી આ જાણકારી આપી છે. અખબાર પ્રમાણે આ વૈજ્ઞાનિક ઓક્સફોર્ડની વેક્સિન પર કામ કરી રહ્યાં છે અને તેમને આશા છે કે નિયામક તેને વર્ષ ૨૦૨૧ની શરૂઆત પહેલા જ મંજૂરી આપી દેશે. ફાર્માસ્યૂટિકલ્સ કંપની એસ્ટ્રાઝેનેકાની સાથે મળીને ઓક્સફોર્ડ આ વેક્સિનનું પીક્ષણ કરી રહી છે.

બ્રિટિશ સરકારે અત્યારથી જ વેક્સિનના ૧૦ કરોડ ડોઝ બનાવવાનો આદેશ આપ્યો છે. સ્વાસ્થ્ય અધિકારીઓનું અનુમાન છે કે ૬ મહિનાની અંદર જ પ્રત્યેક વયસ્ક વ્યક્તિને વેક્સિન મળી જશે. જોકે સરકારના આ દાવાને લઈને સૌકોઈ એકમત નથી.

અખબારી અહેવાલ પ્રમાણે યૂરોપીય મેડિસન એજન્સી (ઈએમએ)એ ગત ગુરૂવારે કહ્યું હતું કે, તેણે એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીની સંભવિત કોરોના વેક્સિનના આંકડાની સમીક્ષા શરૂ કરી દીધી છે. એકવાર વેક્સિન આવ્યા બાદ તેને મંજૂરી આપવાની પ્રક્રિયામાં સમય ના વડફાય તે માટે અત્યારથી આ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મહત્વની બાબત એ છે કે, કોરોનાથી એક લાખ કરતા મૃત્યુ માત્ર યૂરોપમાં જ થયા છે. રસીકરણ પર બનાવવામાં આવેલા પ્રોટોકોલ પ્રમાણે સૌથી પહેલા તે વેક્સિન ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવશે. ત્યારબાદ ૫૦ વર્ષથી વધુની ઉંમરના લોકોને અપાશે. હાલ બાળકોને આ રસીકરણ કાર્યક્રમમાંથી બહાર રાખવામાં આવ્યા છે. અહેવાલ પ્રમાણે વૈજ્ઞાનિકોને આશા સેવી રહ્યાં છે કે, આ વેક્સિનથી પચાસ ટકા સંક્રમણ રોકવામાં સફળતા મળશે. એક વાર નિયામકથી વેક્સિનને મંજૂરી મળી ગયા બાદ નેશનલ હેલ્થ સર્વિસ (NHS)ને તત્કાલ સામૂહિક રસીકરણ શરૂ કરવા માટે કહેવામાં આવી શકે છે. પરંતુ બ્રિટિશ સરકારમાં પ્રત્યેક વયસ્કના રસીકરણની સમયાવધિને લઈને મતભેદ છે.

હાથરસ ગેંગરેપઃ આરજેડી-સપા કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશના હાથરસમાં રાજકીય ગરમાવો વધતો જઈ રહ્યો છે. રવિવારના રેપ પીડિતાના પરિવાર સાથે મુલાકાત કરવા ગયેલા સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળ (આરજેડી)ના કાર્યકર્તાઓનું પોલીસ સાથે ઘર્ષણ થયું. પોલીસના લાઠીચાર્જમાં એસપી જિલ્લા અધ્યક્ષ ગિરીશ યાદવ સહિત અનેક લોકો ઘાયલ થયા છે. આરએલડી નેતા જયંત ચૌધરી પર પણ પોલીસે લાકડીઓ વરસાવી, જોકે કાર્યકર્તાઓએ તેમને બચાવતા ઘેરો બનાવી લીધો હતો.

હાથરસમાં પીડિતાના ગામમાં રાષ્ટ્રીય લોકદળ નેતા જયંત ચૌધરી પણ પહોંચ્યા છે. તેમણે પીડિત પરિવાર સાથે ઘરમાં મુલાકાત કરી. આ દરમિયાન ગામમાં આરએલડી અને સપા કાર્યકરોનો ભારે હોબાળો થયો. પોલીસે જયંત ચૌધરી પર પણ લાકડીઓ વરસાવી. જયંત ચૌધરીને બચાવવા માટે આરએલડી કાર્યકર્તાઓએ ઘેરો બનાવ્યો. આ દરમિયાન પોલીસ કર્મચારી સતત લાઠીચાર્જ કરતા રહ્યા. કહેવામાં આવી રહ્યું છે કે મોટી સંખ્યામાં પહોંચેલા કાર્યકર્તાઓએ હંગામો શરૂ કરી દીધો અને બૈરિકેડિંગ તોડી દીધી. સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ પણ હાથરસ જાય તેવો અંદાજો હતો, પરંતુ પાર્ટીએ સ્પષ્ટ કર્યું કે અખિલેશના નિર્દેશ પર પ્રિતિનિધિમંડળ હાથરસમાં પીડિત પરિવાર સાથે મુલાકાત કરશે. બીજી તરફ બીએસપી સુપ્રીમો માયાવતીએ ડીએમ પર કાર્યવાહી ના થવા પર નિષ્પક્ષ તપાસને લઈને શંકા વ્યક્ત કરી છે. પોલીસનો આરોપ છે કે ત્યાં રહેલા આરએલડી કાર્યકર્તાઓએ પથ્થરબાજી કરી અને મહિલા કોન્સ્ટેબલ સાથે ગેરવર્તણુંક કરી. પોલીસનો એક જવાન પણ પથ્થરબાજીમાં ઘાયલ થયો હોવાનો આરોપ છે.

આજે જીએસટી કાઉન્સિલની બેઠકઃ વળતર મુદ્દે બિન-ભાજપ શાસિત રાજ્યો હંગામો કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૪

સોમવારે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની બેઠકમાં ભારે હોબાળો મચાવવાની ધારણા છે કારણ કે બિન-ભાજપ શાસિત રાજ્યો વળતરના મુદ્દે કેન્દ્ર સાથે અસંમત છે.

જીએસટી વળતરના મુદ્દે ભાજપ શાસિત રાજ્યો સહિત કુલ ૨૧ રાજ્યોએ કેન્દ્ર સરકારને ટેકો આપ્યો છે. આ રાજ્યો પાસે સપ્ટેમ્બરના મધ્ય સુધીનો સમય હતો કે વર્તમાન નાણાકીય વર્ષમાં જીએસટીની આવકમાં ઘટાડાની ભરપાઇ કરવા માટે રૂ ૯૭ હજાર કરોડ ઉધાર લેવાનો વિકલ્પ પસંદ કરે. જોકે, પશ્ચિમ બંગાળ, પંજાબ અને કેરળ જેવા વિરોધી પક્ષો દ્વારા શાસિત રાજ્યોએ હજી સુધી કેન્દ્ર સરકાર દ્વારા દેવું ઉધારવા માટે આપેલ વિકલ્પ પસંદ કર્યો નથી.

સૂત્રો કહે છે કે ૫ ઓક્ટોબરે યોજાનારી જીએસટી કાઉન્સિલની ૪૨ મી બેઠકમાં વિરોધી પક્ષો દ્વારા શાસિત રાજ્યો કેન્દ્રના વિકલ્પનો વિરોધ કરી શકે છે. આ રાજ્યો જીએસટી વળતર માટે વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી શકે છે. આ રાજ્યો માને છે કે રાજ્યોની આવકના ઘટાડાની ભરપાઈ કરવી કેન્દ્ર સરકારની બંધારણીય જવાબદારી છે.

નોંધનીય છે કે ચાલુ નાણાકીય વર્ષમાં જીએસટીથી રાજ્યોને થતી આવકમાં રૂપિયા ૨.૩૫ લાખ કરોડનો ઘટાડો આવી શકે છે. કેન્દ્ર સરકારની ગણતરી મુજબ, જીએસટીનો અમલ ફક્ત ૯૭ હજાર કરોડ રૂપિયાના ઘટાડા માટે જવાબદાર છે, જ્યારે બાકીના ૧.૩૮ લાખ કરોડ રૂપિયા કોવિડ -૧૯ ને ધટશે.

કેન્દ્ર સરકારે ઓગસ્ટમાં રાજ્યોને બે વિકલ્પ આપ્યા હતા. આ અંતર્ગત રાજ્યો કાં તો રિઝર્વ બેંક દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ સુવિધા સાથે રૂ. ૯૭ હજાર કરોડની લોન લઈ શકે છે અથવા બજારમાંથી ૨.૩૫ લાખ કરોડ રૂપિયા ઉધાર લઈ શકે છે.

હત્યા કરતા મોટી છે આત્મહત્યાઃ સુશાંત કેસમાં બોલ્યા પ્રસૂન જોશી

મુંબઈ,તા.૪

અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોતને ત્રણ મહિના પછી એમ્સ રિપોર્ટ દ્વારા એ માહિતી મળી છે કે અભિનેતાએ આત્મહત્યા કરી હતી. હત્યાના એંગલ ઉપર હવે બ્રેક લગાવી દેવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા ઉપર આ એમ્સના રિપોર્ટ ઉપર કેટલાક સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. સુશાંતના ચાહકોતો સતત પોતાનો અવિશ્વાસ જાહેર કરી રહ્યા છે. પરંતુ આ વચ્ચે હવે સીબીએફસી ચીફ પ્રસૂન જોશીએ સુશાંતના મોત ઉપર પ્રતિક્રિયા આપી છે. એક ઈન્ટરવ્યુમાં પ્રસૂન જોશીએ કહ્યું છે કે, હત્યા કરતા મોટી છે આત્મહત્યા. તેમની નજરમાં કોઈપણ માણસ આત્મહત્યા જેવું પગલું ખુબ જ મુશ્કેલી પરિસ્થિતિમાં ઉઠાવતા હોય છે. તેણે કહ્યું કે, આત્મહત્યા હત્યા કરતા મોટી હોય છે. હત્યામાં કોઈ દોષિ હોય છે.

આત્મહત્યા એક પ્રકારની બિમારી છે. આ ત્યારે જોવા મળે છે જ્યારે કંઈ સહન નથી કરી શકાતું અને લોકો પોતાને અસુરક્ષિત અનુભવે છે. આ નાની વાત નથી. ઈન્ડસ્ટ્રીએ આ વાતને ગંભિરતાથી લેવી જોઈએ. કેટલીક હિટ ફિલ્મો દેવાથી કંઈ નથી થતું. જિંદગી ફિલ્મોથી મોટી હોય છે. હવે પ્રસૂન જોશીનું એ કહેવુ મહત્વ ધરાવે છે કે અત્યાર સુધી તો માત્ર આ વાત ઉપર જ વિવાદ ચાલી રહ્યો હતો કે આ હત્યા છે કે આત્મહત્યા. પરંતુ જો મોટા મુદ્દાઓ પર નજર નાખવામાં આવે તો સમજાય છે કે એ પરિસ્થિતિઓને સમજવાની જરૂર છે.

નેપાળ વડાપ્રધાન કોલી કોરોના પોઝિટિવઃ સુરક્ષામાં તૈનાત ૭૬ જવાનો પણ સંક્રમિત

કાઠમાંડુ,તા.૪

કોરોના સંક્રમણનો પ્રકોપ નેપાળના વડાપ્રધાન આવાસમાં જોવા મળ્યો છે. અહીં વડાપ્રધાન કે પી ઓલીની સાથે જ તેમના અંગત સલાહકાર અને ડૉક્ટર પણ કોરોના સંક્રમણનો શિકાર થયા છે. એટલુ જ નહીં નેપાળી વડાપ્રધાનની સુરક્ષામાં તૈનાત ૭૬ જવાન પણ કોરોના સંક્રમણની ચપેટમાં આવી ગયા છે.

નેપાળ સરકારની સમાચાર એજન્સીએ જાણકારી આપી છે કે દેશનું વડાપ્રધાન આવાસ ખરાબ રીતે કોરોના સંક્રમણની ચપેટમાં આવી ગયા છે. આની સાથે જ વડાપ્રધાન આવાસને પૂરી રીતે ખાલી કરાવ્યા બાદ સેનેટાઈઝ કરવામાં આવી રહ્યુ છે.

એજન્સીએ જણાવ્યુ કે તાજેતરમાં જ પીએમ ઓલીના અંગત ચિકિત્સક ડૉ. દિવ્યા શાહને કોરોના પોઝીટીવ આવ્યો હતો. જે બાદ કૉટેક્ટ ટ્રેસિંગની જાણ થવા પર તેમના સંપર્કમાં આવેલા તમામ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે.

પીએમ ઓલીની સુરક્ષામાં લાગેલા નેપાળી સેનાના ૨૮ કમાન્ડો, નેપાળ પોલીસના ૧૯ અધિકારી, સશસ્ત્ર પ્રહરી બળના ૨૭ અને ખાનગી વિભાગના ૨ અધિકારી પણ કોરોના સંક્રમણની ચપેટમાં આવ્યા છે. જે બાદ જ પીએમની સુરક્ષામાં તૈનાત તમામ સુરક્ષાકર્મીઓના પૂરી ટીમને બદલી દેવાયા છે. તાજેતરમાં જ અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના સંક્રમિત મેળવવામાં આવ્યા છે. તેમની સાથે જ તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પને પણ કોરોના પોઝિટીવ આવ્યો છે. ત્યાં દુનિયાભરમાં કોરોના વાઈરસના સંક્રમણનો આંકડો ૩ કરોડ ૫૧ લાખને પાર પહોંચી ગયો છે.

પંજાબને છોડી કોઈપણ રાજ્ય કૃષિ કાયદાનો વિરોધ કરતું નથીઃ પ્રકાશ જાવડેકર

ગોવા,તા.૪

કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું કે, હાલમાં લાગુ થયેલા કૃષિ કાયદાને ખેડૂતોએ સ્વાગત કર્યું છે. પંજાબને છોડી દેશના કોઈપણ ભાગમાં કૃષિ કાયદાનો વિરોધ થતો નથી. આ પ્રદર્શન પાછળ કોંગ્રેસ, અકાલી દળ અને આમઆદમી પાર્ટી જેવી પાર્ટીઓનું રાજકીય હિત છુપાયેલું છે. કેન્દ્રીય પ્રધાને ઉત્તરી ગોવાના ચોરો ગામમાં ખેડૂતોને સંબોધિત કરતા કહ્યું કે, પંજાબને છોડી કોઈપણ આ કૃષિ કાયદાનો વિરોધ કરતું નથી. ખેડૂતોને રાજનીતિક એજેન્ડા હેઠળ થઈ રહેલા પ્રદર્શનોથી દુર રહેવું જોઈએ. કૃષિ કાયદાને સમગ્ર દેશમાં ખેડૂતોનું સમર્થન મળ્યું છે.

જાવડેકરે પૂર્વ કૃષિ પ્રધાન એનસીપી પ્રમુખ શરદ પવાર પર સ્વામીનાથન કમેટીના રિપોર્ટની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો. જેમાં ખેડૂતોના હિતમાં અનેક ભલામણો કરવામાં આવી હતી. પવાર જ્યારે કૃષિ પ્રધાન હતા, ત્યારે મેં રાજ્યસભામાં સ્વામીનાથ કમેટીની ભલામણનો મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ તેમની સરકાર ભલામણોને લાગુ કરી શકી ન હતી.

સંતરામપુર સામૂહિક દુષ્કર્મ કેસમાં મહિલા આયોગના ચેરમેને તપાસના આદેશ

મહીસાગર,તા.૪

મહીસાગર જિલ્લાના સંતરામપુર ટાઉન વિસ્તારમાં એક ગરીબ મહિલા વિધર્મી યુવકો દ્વારા દુષ્કર્મ ગુજારવાની ઘટના સામે આવી હતી. આ મામલે ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયા ગંભીર નોંધ લઈને તપાસના આદેશ આપ્યા છે અને ગેંગ રેપ મામલે મહીસાગર પોલીસ વડા પાસે રિપોર્ટ માંગ્યો છે. વિધર્મી યુવાનો દ્વારા ગેંગ રેપ કરીને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. જેથી મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બન્ને આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લઈને આગળની

કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીઓએ મહિલાને પોતાના ઘરે બોલાવીને ડરાવી ધમકાવીને સામૂહિક દુષ્કર્મ આચર્યું

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા વિસ્તારની ગરીબ મહિલા પર સંતરામપુર ટાઉન વિસ્તારના વિધર્મી યુવાનો દ્વારા બ્લેક મેલ કરીને ધમકીઓ આપી છેલ્લા ૧૫ દિવસથી હેરાન પરેશાન કરીને મહિલા પર વારંવાર ગેંગ રેપ કરવામાં આવતો હતો. આરોપીઓએ મહિલાને પોતાના ઘરે બોલાવીને ડરાવી ધમકાવીને વારાફરથી ગેંગરેપ આચરીને પીડિત મહિલાના બાળકોને મારી નાખવા સહિતની ધમકી આપતા હતા, પરંતુ, પીડિત મહિલાએ સાહસ કરીને સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી સંતરામપુર પોલીસે ગણતરીના કલાકોમાં બન્ને આરોપીની ધરપકડ કરી લીધી હતી.

પૂછપરછમાં બંન્ને આરોપીઓએ દુષ્કર્મ કર્યું હોવાનું સામે આવ્યું હતું. બંને આરોપી પીડિતાને ખોટી રીતે બ્લેકમેઇલ કરીને ફોન કરીને વારંવાર બોલાવીને તેની મરજી વિરૂદ્ધ વારાફરતી દુષ્કર્મ આચરતા હતા. મહિલાએ સહન ન થતા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. સંતરામપુર પોલીસે ગણતરીના સમયમાં જ બંને આરોપીને ગણતરીના સમયમાં ઝડપી લઈને ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હવે આ મામલે ગુજરાત રાજ્ય મહિલા આયોગે ગંભીર નોંધ લીધી છે અને આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયાએ તપાસના આદેશ આપ્યા છે અને ગેંગ રેપ મામલે મહીસાગર પોલીસ વડા પાસે રિપોર્ટ માંગ્યો છે.

મતલબ, સુશાંત એક દિવસ ઉઠ્યો અને પોતાને મારી નાખ્યો ?:એમ્સના રિપોર્ટ ઉપર કંગના રનૌતે, કહ્યું-

મુંબઈ,તા.૪

બોલિવૂડ અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોત પછી લોકો જાણવા માગે છે કે તેણે આત્મહત્યા કરી છે કે તેમની હત્યા થઈ છે. આખરે એમ્સના ફોરેન્સિક એક્સપર્ટ્સની ટીમે પોતાના અંતિમ અને ફાઈનલ રિપોર્ટમાં જણાવ્યું છે કે સુશાંતનું મોત આત્મહત્યાના કારણે થયું છે. એમ્સનો રિપોર્ટ સામે આવ્યા પછી સુશાંત કેસમાં શરૂઆતથી લડી રહેલી અભિનેત્રી કંગના રનૌતે પોતાના ટ્વિટર ઉપર પ્રતિક્રિયા આપી છે.

કંગના રનૌતે ટ્વિટ કરતા લખ્યું કે, એક યુવાન અને અસાધારણ વ્યક્તિ એક દિવસ ઉઠે છે અને ખુદને મારી નાખે છે. સુશાંતે કહ્યું હતું કે, તેમની સાથે ગેરવ્યવહાર કરવામાં આવી રહ્યો છે અને તેના જીવને જોખમ છે. તેણે કહ્યું હતું કે મૂવી માફિયાએ તેને બેન કરી દીધો છે અને હેરાન કરી રહ્યા છે. તેના ઉપર રેપનો ખોટો આરોપ લગાવીને માનસિક રૂપથી પ્રભાવિત કરવામાં આવ્યો હતો.

કંગના રનૌતે વધુ એક ટ્વિટમાં લખ્યું કે, અમારે લેટેસ્ટ પ્રોગ્રેસની સાથે કેટલાક સવાલના જવાબ જોઈએ છે.

૧.સુશાંતસિંહ રાજપૂતે મોટા પ્રોડક્શન હાઉસો દ્વારા પોતાને બેન કરવાની વાત ઘણી વાર કરી છે. આ કોણ લોકો છે જેમણે સુશાંતની વિરૂદ્ધ ષડયંત્ર કર્યું ?

૨.મીડિયાએ તેમની રેપિસ્ટ હોવાના ખોટા સમાચાર કેસ ફેલાવ્યા ?

૩.મહેશ ભટ્ટ પોતાનું મનોવિશ્લેષણ કેમ કરી રહ્યા હતા ?

એમ્સના ફોરેન્સિક હેડ ડોક્ટર સુધીર ગુપ્તાએ જણાવ્યું હતું કે આ સંપૂર્ણ રીતે ફાંસી અને આત્મહત્યાનો મામલો છે. સુશાંતની બોડી ઉપર ફાંસી સિવાય અન્ય કોઈ ઈજાના નિશાન નથી. બોડીમાં કોઈપણ ઝેરી પદાર્થ કે નશીલો પદાર્થ નથી મળી આવ્યો. ગળા પર મળેલા નિશાન ફાંસીના કારણે બન્યા છે.

ગુજરાત યુનિમાં વાઈલ્ડલાઈફ બાયોલોજી સહિત ૧૨ નવા અભ્યાસક્રમ શરૂ કરાશે

અમદાવાદ,તા.૪

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટ અને એકેડમિક કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. જેમાં કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં ૧૨ નવા અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાઈલ્ડ લાઈફ બાયોલોજી અને સાયબર સિક્યોરિટી સહિત અલગ અલગ ૧૨ અભ્યાસક્રમ શરૂ થશે. ગર્ભસંસ્કાર અંગેના વેબીનારનું આયોજન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પ્રારુપનો પણ સ્વીકાર કરી તેને આનુસંગીક વેબીનાર અને ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

શનિવારે ઓનલાઇન મળેલી સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં કુલપતિ હિમાંશુ પંડ્યા, ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર, રજિસ્ટ્રાર અને સિન્ડિકેટ સભ્યો હાજર રહ્યા હતા. બેઠકમાં યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકો માટે રિસર્ચ, પેટન્ટ અને પબ્લિકેશન સંદર્ભમાં ખાસ પ્રમાણપત્ર આપવા, ખાસ પ્રકારના ઍક્સ્ટર્નલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એક્ઝામ સબમિશન અને ડિનની પરીક્ષા માટે સૂચવેલ નીતિ મુજબ પરિણામની પ્રક્રિયા કરવી. જે વિદ્યાશાખામાં એમબીપીનો લાભ આપવામાં આવ્યો છે. તેના ૨૦૧૯-૨૦ના વિદ્યાર્થીઓ કોરોનાનાં કારણે ફોર્મ ભરી શક્યા નથી. તેઓને ફોર્મ ભરવાની તક આપી પરિણામ પ્રકિયા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી ઓનલાઈન ટીચિગ અને લર્નિંગ તેમજ કોમ્યુનિકેશન સેન્ટરની સ્થાપના કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીને એનઆઈઅરએફ ટોપ ૧૦૦માં સ્થાન મળતા ઓનલાઇન અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. નૈસર્ગિક ખેતી, ખેડૂત તાલીમ, સપ્લાય ચેન મેનેજમેન્ટ અને મૂલ્યવર્ધિતતાને લાગતા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.

જામનગરમાં ઊંઘની દવા પીવડાવી ૧૭ વર્ષની સગીરાને ચાર યુવકોએ પીંખી

જામનગર,તા.૪

ઉત્તરપ્રદેશમાં હાથરસ ગેંગરેપની ઘટનાના પડઘા દેશભરમાં પડી રહ્યા છે. અને બળાત્કારીઓને ફાંસી જેવી કડક સજાની માગ કરવામાં આવી રહી છે. ગેંગરેપ બાદ દલિત યુવતીના મોતની સ્યાહી સૂકાઈ પણ નથી ત્યાં જામનગરમાંથી શર્મસાર કરતો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ચાર નરાધમોએ ૧૭ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

હાથરસની ઘટના બાદ ગુજરાતમાં પણ સતત સામુહિક દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. સંતરામપુરની મહિલા સાથે દુષ્કર્મની ઘટના બાદ જામનગરમાંથી ગેંગરેપની ઘટનાને કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જામનગરમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને આરોપીઓએ ઊંઘની દવા પીવડાવી દીધી હતી. અને તે બાદ ચારેય આરોપીઓએ સગીરા પર સામુહિક દુષ્કર્મ આચર્યું હતું.

હાલ ૧૭ વર્ષીય સગીરાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. અને તેની સારવાર ચાલી રહી છે. તો આ મામલે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે તાબડતોડ ૩ નરાધમોની ધરપકડ કરી લીધી છે. જ્યારે હજુ એક હવસખોર પોલીસ પકડથી દૂર છે. તેવામાં હવે દીકરીઓને સુરક્ષિત રાખવા માટે સરકારે કડક કાયદાની જરૂર છે. ગેંગરેપ જેવી આવી ઘટનાઓને કારણે ગાંધીનું ગુજરાત બદનામ થઈ રહ્યું છે.

પાલનપુર ના વતની નાયક તેજાભાઈ જગમાલભાઈ પ્રજાપતિ ૧૭ વર્ષે ની દેશ સેવા સમાપ્ત કરી

માદરે વતન પાછા ફરતા પરીવાર જનો તેમજ સ્નેહીજનો દ્વારા વધામણાં કરવા માં આવ્યા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

નાયક તેજાભાઈ પ્રજાપતિ જેઓ ૧૮ વર્ષની નાની વયે ભારતીય સેનામાં માઁ ભોમની રક્ષાના સોગંદ લઈ ચુક્યા હતા અને આજે ૩૫ વર્ષ ની યુવાન વયે ૧૭ વર્ષની દેશસેવા સમાપ્ત કરી માદરે વતન ફરતા પરીવાર જનો તથા સ્નેહીજનો માં ઉત્સાહ જોવા મળ્યો હતો.તેમણે ૯ રાજપૂતાના રાયફલ્સ્ (બલનોઈ) બટાલિયન માં રહીને દેશના વિવિધ કઠીન સ્થળોએ કર્તવ્યનિષ્ઠાથી ફરજ બજાવી,જેમાં જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લો, અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લો, આસામ ના તિનસુકીયા જિલ્લો જેવા બીજા પણ વિવિધ કઠીન

વિસ્તારોનમાં પોતે માઁ ભોમની રક્ષા કરી ઋણ અદા કરી ધન્યતા અનુભવી રહ્યા છે

૯ રાજપુતાના રાયફલ્સ બટાલિયને ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે પાકિસ્તાન ના કબજા હેઠળની બલનોઈ નામની પહાડી પર વિજય મેળવી બટાલિયનનું નામ બલનોઈ બટાલિયન હાંસલ કર્યું . ૯ રાજપુતાના રાયફલ્સ બટાલિયન ભારતીય સેનાની માનીતી બટાલિયનો માંથી એક છે. જેમાં પાલનપુર ના નાયક પોતાની ફરજ બજાવી ગર્વ અનુભવી રહ્યા છે નાયક તેજાભાઈ ભારતીય સેનાનીમાંથી ૧૭ વર્ષ ની કર્તવ્યનિષ્ઠ સેવા બજાવી માદરે વતન પરત ફરતા પાલનપુર રેલ્વે સ્ટેશન પર બનાસકાંઠા માજી સૈનિક સંગઠન તરફ થી શુભેચ્છા પાઠવી તેમજ હરેશભાઈ, નટવરભાઈ, અશોકભાઈ, લખનભાઈ વગેરે દેશપ્રેમીઓ એ સૈનિક ને વધાવી લીધા હતા..

દેશ કી બેટી કરે પૂકાર કહા ગયા દેશ કા ચોકીદાર વેદના.....સંમવેદના ની.....

જયેશ ગેડીયા

યોગી ની યુપી પોલીસ મયઁદા બહાર જઈ રહી છે. યુપી ની મહીલાઓ ને સૂરક્ષા કરવામા નિષ્ફળ રહેલી યુપી પોલીસ ને કોંગ્રેસ ના રાષ્ટ્રીય મહામંત્રી અને યુપી ના પ્રભારી પ્રીંયકા ગાંધી નો ખભો પકડવાની હિંમત કરી...

પણ મોદી - યોગી સરકારે ખૂબ મોટી કિંમત ચૂકવવી પડશે પ્રીયંકા ગાંધી ના કોલર ઉપર હાથ નાખવાની...

હવે કોંગ્રેસ રાખ માથી બેઠી થશે.. યોગી ની ઓકાત - તાકાત બતાવશે અને સીધા મઠ મા મૂકયાવશે...

યુ.પી ના યોગી મુખ્યમંત્રી તરીખે સંભાળવામા તદ્દન નિષ્ફળ ગયા છે...વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને

અને ભાજપ ને યોગી મોટુ નૂકસાન પહોંચાડી રહયા છે. મોદી યોગી ને કાઢી મૂકી શકે તેમ નથી... મોદી - યોગી - શાહ - બાબા રામદેવ ની ટૂકડી છુટી પડી ગઈ છે પણ દેશ ને તેની મોટી કિંમત ચૂકવવી પડી રહી છે..

યુ.પી. ભાજપ ના હાથ થી સરકતુ જઈ રહયુ છે...કોંગ્રેસ રાખ મા થી ઉભી થય ગઈ છે....કોંગ્રેસ ના કાર્યકરો નુ પૂરા દેશ મા જોમ આવી ગયુ છે..રાહૂલ ગાંધી ને ધકકો મારી મોટી કિંમત ચૂકવી પડશે....આજે પ્રીંયકા ગાંધી ને યુ.પી પોલીસ નો વયવહાર યોગી માટે શરમજનક કહેવાય યોગી સરકાર ભગવા કપડા લજવી રહયા છે...પણ ભાજપ કોઈ કહેનાર નથી અને કોઈ સાંભણનાર નથી....

ભાજપ નિરાધાર બની ગયો છે....જે રાજકીય પક્ષ મા વડીલો ની કિંમત ન હોય અને તેની કદર ન કરે તે રાજકીય પક્ષ આવા સમયે નિરાધાર થય જાય છે.. યોગીજી સરકાર એ ભગવો લજવયો...કહેવાય

ભગવા ના સંસ્કારો લજવયા..વેદન.સંમવેદના ની.

૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવા સરકાર વિચારણા કરી રહી છે: નીતિન પટેલ

ગાંધીનગર,તા.૪

હાલ કોરોના કાળમાં નવરાત્રિની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પણ કોરોનાનાં વધતાં જતાં કેસોને લઈ સરકારે હજુ કોઈ પ્રતિક્રિયા આપી નથી. તેવામાં ગરબાના રસિકો માટે રાહતના સમાચાર મળી શકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નવરાત્રિને લઈ મોટું નિવેદન આપ્યું છે. અને શેરી ગરબાને લઈ હાલ રૂપાણી સરકાર વિચારણા કરી રહી હોવાનું જણાવ્યું છે.

ડેપ્યુટી સીએમ નીતિન પટેલે નવરાત્રિ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, હાલ સરકારે શેરી ગરબા અંગે વિચારણા કરી રહી છે. અને ૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવામાં આવે તે અંગે હાલ સરકાર વિચારણા કરી રહી છે. કેન્દ્ર સરકારની અનલોક પની ગાઈડલાઈન મુજબ છૂટછાટ મળી શકે છે તેવા સંકેત પણ નીતિન પટેલે આપ્યા હતા. જો કે, પાર્ટી પ્લોટમાં થતાં ગરબાના મોટા કાર્યક્રમો પર રોક લગાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, એકબાજુ ગુજરાતના ડોક્ટરોએ સરકારને નવરાત્રિની પરમિશન ન આપવા માટે વિનંતી કરી રહ્યા છે. તો યુવાવર્ગ કોરોના કાળમાં પણ ગરબા રમવા માટે આતુર છે. તેવામાં નીતિન પટેલે શેરી ગરબાને મંજૂરી આપવાના સંકેત આપતાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ સર્જાયો છે. કેમ કે, હાલની કોરોના પરિસ્થિતિમાં અમુક લોકો નવરાત્રિનું આયોજન ન કરવું જોઈએ તેવો મત દર્શાવી રહ્યા છે. કેમ કે, નવરાત્રિને કારણે કોરોનાનું સંક્રમણ ફેલાઈ શકે છે. જો કે, ગરબાના રસિકો માટે નીતિન પટેલનું નિવેદન રાહત આપનારું છે.

સુરત હાઈ પ્રોફાઈલ એમડી ડ્રગ્સ કાંડ: કોના પૈસાથી મંગાવાતું હતું ડ્રગ્સ, તપાસ ચાલુ

સુરત,તા.૪

સુરત શહેરમાં માલેતુજાર વર્ગમાં પણ ડ્રગ્સનું દૂષણ હોવાનો પર્દાફાશ હોટેલિયર આદિન નુરાનીની ધરપકડ સાથે ખુલ્યું છે. આદિલ છેલ્લા દોઠ વર્ષથી માલેતુજારોની પાર્ટીમાં એમડી ડ્રગ્સની વ્યવસ્થા કરતો હતો. પોલીસે આદિલની પાર્ટીઓની વિગતો એકઠી કરવાની સાથે જેઓ આ પાર્ટીઓમાં સામેલ હતા અને કોણ કોણ ડ્રગ્સ લેતું હતું તેની વિગતો એકઠી કરી છે. વાત બહાર જાય નહીં તે માટે પોતાના ઘરે અથવા તો વિશ્વાસુ મિત્રોના ઘરે રાખવામાં આવતી પાર્ટીઓમાં જ ડ્રગ્સ આપવામાં આવતું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ગત ૨૨મીએ ડુમસથી પકડાયેલાં એક કરોડના એક કિલો એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલાં અડાજણ પાટીયાના સલમાન ઝવેરીએ પોતાના પાર્ટનર તરીકે ઘોડદોડ રોડ ઉપર કરીમાબાદમાં રહેતા ૪૧ વર્ષીય આદિલ નુરાનીનું નામ આપ્યું હતું. શહેરમાં જાણીતી હોટેલ ચલાવતાં અને કરોડોમાં આળોટતાં આદિલનો એક કરોડના ડ્રગ્સમાં ૩૦ લાખનો માલ હતો.

તેણે સલમાનને આ જથ્થાનો ઓર્ડર આપ્યો હતો. જે સામાન્ય રીતે છૂટક ગ્રાહકોને વેચતાં ડ્રગ પેડલર કરતાં પણ મોટો હતો. આદિલ પોતાની પાસેથી મોટા પ્રમાણમાં છેલ્લા દોઢ વર્ષથી ડ્રગ્સ ખરીદતો હોવાનું અને આદિલ તથા તેના માલેતુજાર મિત્રો સાથે એમડીનો નશો કરતો હોવાનું સલમાને જણાવ્યું હતું. બંને એક પાર્ટીમાં ભેગા થયા હતા અને ત્યારથી રેગ્યુલર એમડી ડ્રગ્સના બંધાણી હોવાનું જણાવ્યું હતું. આદિલને પણ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો. અને તેના ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આદિલ અને મિત્રોના ઘરે પાર્ટીઓ થતી તેમાં ડ્રગ્સનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જાહેરમાં થતી પાર્ટીઓમાં ડ્રગ્સ રાખવામાં આવતું ન હતું. નજીકના અને ખાસ વ્યક્તિઓને જ પાર્ટીઓમાં હાજર રાખવામાં આવતાં હોવાની વિગતો પોલીસને મળી હતી. આ પાર્ટીઓમાં કેટલીક મહિલાઓ પણ નશો કરતી હોવાનું બહાર આવતાં પોલીસે હવે આ પાર્ટીઓમાં કોણ કોણ સામેલ હતું અને કોણે કોણે ડ્રગ્સ લીધું હતું તેની તપાસ હાથ ધરી છે. આદિલ એકલો જ રૂપિયા ખર્ચતો હતો કે ભાગીદારીમાં આ ડ્રગ્સ લાવવામાં આવતું હતું તેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજેડીના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય પ્રદીપ મહારથીનું કોરોનાથી નિધન

કટક,તા.૪

BJDના વરિષ્ઠ નેતા અને પીપિલીના ધારાસભ્ય પ્રદીપ મહારથીનું એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું હતું.

પ્રદીપ મહારથી કોરોના પોઝિટિવ મળ્યા હતા. શનિવારે મોડી રાત્રે મહારથીનું અવસાન થયું છે. તેમને જેંસ અલ્ટીમેટ મેડિકેરમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગંભીર હાલતને કારણે તેમને શુક્રવારથી વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

રાજયપાલ પ્રો.ગણેશી લાલે મહારથીના અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો અને પરિવાર પ્રત્યે સંવેદના દાખવી હતી. આ સાથે તેમણે કહ્યું કે, ×તે લોકપ્રિય નેતા અને સક્ષમ ધારાસભ્ય હતા, તેમનું અકાળ મૃત્યુ રાજકારણ માટે મોટી ખોટ છે.×

મુખ્ય પ્રધાન નવીન પટનાયકે મહારથીને બીજૂ જનતા દળના મહત્વપૂર્ણ નેતા અને બીજૂ બાબુના લાંબા સમયથી સાથી તરીકે વર્ણવ્યા હતા. તેઓ અસાધારણ સંગઠન ક્ષમતા માટે જાણીતા છે, પિપિલીથી સતત સાત વખત તેઓ ચૂંટણી જીત્યા હતા.

હિમાચલ પરદેશમાં દુનિયાની સોઉથી મોટી ટનલ નું ઉદ્ઘાટન

ભારતના વાડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ત્રીજી ઓક્ટોબરે ત્રણ હઝર મીટર લાંબી ટનલ નું ઉદ્ગારતાં કરાયુ.

આ હિમાચલ પ્રદેશમાં બનાવેલી ટનલ દુનિયામાં આવેલી મોટી ટનલો તરીકે ગણાશે. આનું નામ અટલ ટનલ, ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલજી ના નામને અર્પિત કરાય છે.

આ ૯.૦૨ કિલોમીટર લાંબી ટનલ બોર્ડર રોડ ઓર્ગાનાઇઝેશને બનાવી છે અને તે મા મનાલી અને લેહ વેલી ને જોડશે. આવિસ્તારમાં નવેમ્બર થી એપ્રિલ સુધી બરફ પડતો હોવાથી લગભગ છ મહિના વચ્ચે બધુજ બંધ હોયછે. હવે રોથાન્ગ પાસ નો આવા જવાનો માર્ગ બરફની સીઝનમાં ચાલુ રહેશે.અને એનાથી લગભગ ચાર થી પાંચ કલ્લાક નો સમય મુસાફરીમાં બચાવી શકાશે. એનાથી વધારે ભારતને માટે લશ્કરને લાવવા જવામાં ખુબજ કામ લાગશે. આવી ધરખમ મોટો પ્રોજેક્ટ ની પ્રોમિસ ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ 'રોપે વે' નામના રસ્તો બંનાવવાની વાત પોતાના મોરવાની મિશનમાં વાત કરી હતી. ૧૯૮૩ માં આ પ્રોજેક્ટના પ્લાન બન્નાવનાઈ શરૂઆત શ્રીમતી ઇન્દિરા ગાંધી એ પોતાના કાર્યકાલ દરમ્યાન કરેલી. આવા મોટા પ્રોજેક્ટ ના પ્લાન બનાવતા અને નિર્ણયો લઇ કાયદા મુજબ પાસ કરાવતા સહેજમાં શાસકો નીકળી જાય છે. ૧૯૮૪ માં શ્રીમતી ગાંધી નું નિધન થતા કામ માં ઢીલાશ આવી ગઈ હતી. આ વિસ્તારમાં પાક અને ચીનાના સંજોગોને લીધી શ્રી અટલ બિહારી બાજપાઈજી એ કામને વેગ ૨૦૦૦ થી વેગ અપાવ્યો. સંજોગો પ્રમાણે ભાવ પણ વધતા ગયા હતા. પછી ૨૦૧૦ માં ડો મનમોહન સિંઘની સરકારે જોરદાર કદમ ઉપડ્યા અને તેના ટાર્ગેટ પ્રમાણે ૨૦૨૦ માં કાર્ય પૂરું થાય તેની મેહનત કરી પાયાના કામો કર નાખ્યા હતા. જૂને ૨૮ ૨૦૧૦ શ્રી મન મોહન સિંઘજી એ આનું શીલા રોપણપાં કર્યું હતું.

આટલી મોટી ત્રણ હાજર મીટર લાંબી ટનલ માટે બાંધવી સહેલી નથી. તેની વિચાર અને સરકારી મંજૂરી, પ્લાન કરવા અને માલ સમાન ભેગો કરવી પછી રાબેતા મુજબ બાંધકામ કરવું સેહલું નથી. ૨૦૧૪ સુધીમાંતો આ ટનલ બંનાવવામાં ઘણું કામ થી ગયું હતું. સી સી ટીવી થી માંડી સ્ટેટે ઓફ આર્ટ વળી આ ટનલ ના પ્લાંનિંગ માટે આપણા પૂર્વ વડા પ્રધાનોને તેમની દીર્ઘ દૃષ્ટિ માંટે આભારી છીએ. આજે ભારત માટે પોતાના સરંક્ષણ અને વેપાર માટે એક મોટું યોગ દાન કહેવાય.

Buddhdev Pandya MBE

માઉન્ટ આબુમાં જુગાર રમતા મહેસાણાના પાંચ લોકો ઝડપાયા

મહેસાણા,તા.૪

ગુજરાતની પાસે આવેલું હિલ સ્ટેશન ગુજરાતીઓની ફેવરિટ સ્થળ છે. ગુજરાતને અડીને આવેલાં આ ટુરિસ્ટ પ્લેસ પર શનિ-રવિ ગુજરાતીઓનું મહેરામણ ઉમટી પડતું હોય છે. ફરવાની સાથે આબુમાં ગુજરાતીઓ દારૂ પીવા અને જુગાર રમવા માટે જતાં હોય છે. પણ હવે આબુમાં જુગાર રમવાના શોખીન ગુજરાતીઓ માટે માઠા સમાચાર છે. આબુ પોલીસે જુગાર સામે ચોથી મોટી કાર્યવાહી કરતાં મહેસાણા જિલ્લાના પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા છે.

રવિવારની રજાના દિવસે મોટાભાગના ગુજરાતીઓ ફરવાનું પ્લાનિંગ બનાવી લેતાં હોય છે. અને તેમાં પણ ગુજરાતમાં દારૂબંધી હોવાથી ગુજરાતીઓ માઉન્ટ આબુ પહોંચી જતા હોય છે. દારૂની સાથે હવે જુગાર રમવા માટે પણ આબુ બદનામ થયું છે. માઉન્ટ આબુમાં જુગાર રમતા જુગારીઓ ઝડપાયા છે. આ તમામ આરોપીઓ ગુજરાતી છે.માઉન્ટ આબુની ગુડલક કોટેજ હોટલમા જુગાર રમાતો હતો. અહીં પોલીસે દરોડો પાડીને જુગારીઓને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ ગુજરાતના મહેસાણા જિલ્લાનાં રહેવાસી છે. પોલીસે જુગારની ૯૩,૨૦૦ રોકડાં, પાંચ મોબાઈલ ફોન સહિત પાંચ ગુજરાતીઓની ધરપકડ કરી છે.

હિંદુ યુવા સંગઠન ભારત ની અરવલ્લી જિલ્લા ખાતે મોડાસા શહેર માં સભા અને વિવિધ ગામ ખાતે મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું, હિંદુ યુવા સંગઠન ઉત્તર ગુજરાત ના અધ્યક્ષ ભૃગુ વેન્દ્ર સિંહ ફૂંપાવત દ્વારા ઉત્તર ગુજરાત ના હરેક જિલ્લા માં સંગઠન નો વ્યાપ વધારવા માટે સભાઓ તથા મીટીંગ નું આયોજન થઈ રહ્યું છે.રવિવાર ના રોજ અરવલ્લી જિલ્લા માં હિંદુ યુવા સંગઠન ની રચના કરવામાં આવી,મોડાસા માં સભા, તેમજ સરડોઈ, મેઢાસણ , મેઘરજ , બાયડ તથા અન્ય તાલુકાઓ ના ભાઈઓ સાથે મીટીંગ કરવામાં આવી.

મોડાસા શહેરમાં વધુ બે તબીબો કોરોનાગ્રસ્ત

શામળાજીના ડોકટર કોરોના સામે જંગ હાર્યા,અરવલ્લીમાં વધુ ૬ લોકો કોરોના પોઝેટીવ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

જીવના જોખમે ફરજ બજાવતા કોરોના વોરિયર્સ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે આઇએમએના પ્રમુખ ડો. રાજન શર્માના જણાવ્યા અનુસાર દેશમાં કોવિડ-૧૯ દર્દીઓને સારવાર આપી ચૂકેલા ૫૧૫ જેટલા તબીબ મૃત્યુનો ભોગ બન્યા છે. આઇએમએની લગભગ ૧૭૪૬ શાખા દેશભરમાં કાર્યરત છે. તે શાખાઓની મદદથી મૃતક તબીબોની ઓળખ કરવામાં આવેલી છે અને તે તમામ એલોપેથિક તબીબ હતા.આઇએમએ પાસે ઉપલબ્ધ ડેટાબેઝ મુજબ મૃતક તબીબ અને દર્દીની સરેરાશ ૧:૧૯૪ બરોબર છે. આઇએમએના જણાવ્યા મુજબ મૃત્યુનો ભોગ બનેલા ૨૦૧ તબીબ ૬૦ થી ૭૦ વર્ષના હતા, ૧૭૧ તબીબ ૫૦થી ૬૦ વર્ષની વયના હતા. ૭૦થી મોટી વયના ૬૬ તબીબ તો ૩૫થી ૫૦ વર્ષની વય ધરાવતા ૫૯ તબીબનાં મૃત્યુ નોંધાયાં છે. દેશમાં ૩૫થી નીચેની વયના માત્ર ૧૮ દર્દીનાં મૃત્યુ નોંધાયાં છે આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં ત્રણ ડોક્ટર કોરોનામાં સપડાયા છે જયારે શામળાજીના ખાનગી હોસ્પિટલના તબીબને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે વહીવટી અને આરોગ્ય તંત્રના સબસલામતીના દાવાઓ વચ્ચે કોરોનાના અજગરી ભરડામાં અનેક લોકો સપડાઈ રહ્યા છે લોકડાઉન-૧,૨ માં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સરહદો ઉપર કડક ચોકી પહેરો,થર્મલ સ્કેનીગ,બહારથી આવતા મુસાફરો ના આરોગ્યની ચકાસપી ચોક્કસાઈ ભરી રીતે હાથ ધરાતી હતી અને જિલ્લા માં આઈશોલેશન વોર્ડ,ફેસીલીટી સેન્ટરો પૂરતા પ્રમાણમાં ઉભા કરી દેવાયા હતા.પરપ્રાંતીય શ્રમિકો માટે પણ આશ્રય સ્થાનો ઉભા કરી દેવાયા હતા.પરંતુ હવે જેમ જેમ કોરોનાનું સંક્રમણ વધી રહયું છે.કોરોનાગ્રસ્ત દર્દીઓ મોતને ભેટી રહયા છે તેમ તેમ રાજયનું વહીવટી અને આરોગ્ય તંત્ર જવાબદારીમાંથી હાથ ખંખેરી રહયું હોય એવા આક્ષેપો ચારે બાજુએ ઉઠી રહ્યા છે

મોડાસા નગરમાં વધુ બે તબીબો કોરોનામાં સપડાયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા.જયારે આ તબીબો નો સ્ટાફ હોમ કર્વારન્ટાઈન થયો હોવાનું લાગતા વળગતા દ્વારા જણાવાયું હતું. નગરની કાર્તિકેય સોસાયટી માં એક વેપારી સહિત મેઘરજ રોડ ઉપર લવાસા ફ્લેટ, જલારામ સોસાયટી સહિત ભિલોડા, માલપુર અને ધનસુરામાં મળી કુલ છ પોઝીટીવ કેસ નોંધાયા હતા.અનલોક-૫ ના પ્રથમ ૩ દિવસમાં જિલ્લામાં ૧૨ અને છેલ્લા એક અઠવાડીયામાં જિલ્લામાં ૨૬ પોજીટીવ કેસ મળી આવ્યા છે.

બાંટવાના ખેડૂતોને ૭/૧૨ નો દાખલો કઢાવવા માણાવદરનો ધક્કો થાય છે

મગફળી અને સહાયનાં રજીસ્ટ્રેશન માટે ભુમિપુત્રોને ૭ કિ.મી.નો ફેરો બાંટવાના ૧૫૦૦ ખેડૂતો ને ૭/૧૨ નો દાખલો કઢાવવા માણાવદર નો ધક્કો દશ વર્ષથી ગામમાં ઇ-ધરા કેન્દ્ર શરૂ થવાની રાહમાં ખેડૂતો વતી બાંટવા સંયુક્ત સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ શ્રી હરેશભાઈ રાઠોડ ની ઉચ્ચકક્ષાએ રજૂઆત જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકા નાં બાંટવા ગામે અંદાજે ૧૫૦૦ ખાતેદાર ખેડુતો હોય જેઓને ૭/૧૨ તથા ૮-અ નાં દાખલા કઢાવવા માટે માણાવદર તાલુકા કક્ષાએ ૭ કિ.મી. દુર સમય અને નાણાંનો ખર્ચ કરી જવું પડે છે તાલુકાનાં નાનાં નાનાં ગામો કે જયાં થોડા જ ખાતેદાર ખેડુતો હોવા છતાં ત્યાં ઇ-ધરા કેન્દ્રો કાર્યરત છે જયારે બાંટવા ને ઇ-ધરા કેન્દ્ર ન હોવું અન્યાય સમાન છે

આશરે દશ વર્ષ પહેલાં જુના પોલીસ સ્ટેશન પાસે ભાડાની દુકાન રાખી ઇ-ધરા કેન્દ્ર થોડા સમય માટે ચાલુ કરેલ બાદમાં ત્યાંથી બાંટવા નગરપાલિકા ખાતે થોડા સમય માટે ચાલુ રહેલ બાદમાં છેલ્લા દશ વર્ષથી ઇ-ધરા કેન્દ્ર ની સુવિધા બંધ કરી દેવામાં આવી છે જે અંગે બાંટવા સંયુક્ત સેવા સહકારી મંડળી લી. નાં પ્રમુખ શ્રી હરેશભાઈ રાઠોડ દ્વારા મંડળી ખાતે ઇ-ધરા કેન્દ્ર ચાલુ કરવા માટે કલેકટર જુનાગઢ તથા મામલતદાર માણાવદર ને લેખિત અરજી કરવામાં આવી હતી તેમ છતાં આજદિન સુધી ઇ-ધરા કેન્દ્ર ચાલુ કરવામાં આવેલ નથી હાલ ટેકાના ભાવે મગફળી ખરીદીની ઓનલાઇન અરજી કરવાની હોય તથા અતિવૃષ્ટિ નાં કારણે પાક નિષ્ફળ જતાં સહાય માટે ઓનલાઈન અરજી કરવાની થતી હોય જેથી બાંટવા નાં ખાતેદાર ખેડુતો ને ઘણી હાલાકી ભોગવવી પડી રહી હોવાથી સત્વરે ઇ-ધરા કેન્દ્ર ચાલુ કરવામાં આવે તેવું ખેડૂતો વતી મુખ્યમંત્રી, કૃષિમંત્રી, પ્રવાસન મંત્રી જહાહરભાઇ ચાવડા, ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, જિલ્લા કલેકટર, મામલતદાર માણાવદર તથા જિલ્લા ખેતીવાડી અધિકારી જુનાગઢ ને લેખિત તથા ઇમેલ દ્વારા રજુઆત કરવામાં આવી છે

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

કપરાડા તાલુકાના શિક્ષક સંઘના હોદ્દેદારો અને તાલુકા શિક્ષણ અધિકારી સાથે મળી વહીવટી કામમાં કરી ગોબાચારી

વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષકોની સર્વિસબુકના ઉચ્ચત્તર પગાર ધોરણનું કામ,સળંગ સિનિયોરિટી કામ અટવાયું છે જવાબદાર કોણ ?

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

ગુજરાત સરકારશ્રી ના પરીપત્ર મુજબ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા શિક્ષકોની ફિક્સ પગારની નોકરી સળંગ ગણી શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ ૯,૨૦,૩૧ આપવાનું થાય છે.એ માટે તાલુકા કચેરીએથી સિનિયોરીટી લીસ્ટ બનાવી સિનિયોરીટી મુજબના શિક્ષકોની સર્વિસ બુક સાથે કેસ પેપર તૈયાર કરી સહી સિક્કા કરી જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરીના જાવક નંબર સાથે રુબરુ ગાંધીનગર એલ એફ કચેરીએ મોકલવામા આવે છે. દરેક તાલુકામાથી માત્ર ૨૫ સર્વિસ બુક લેવા મા આવે છે. તાલુકા ક્ક્ષાએ સિનિયોરીટી મુજબની કામગીરી કરવામાં આવતી નથી. જે લીસ્ટ ના બદલે રુપિયા ઉઘરાવીને સંઘના હોદ્દેદારો તાલુકા કચેરીમાં સાથે મળી લાગવગ કરી રૂપિયા ની ઉઘરાણી કરી ગેરરીતિ આચરીને લાગતા વળગતાની સર્વિસ બુક ગાંધીનગર કચેરીએ લઈ જાય છે અને એના પુરાવો એમના દ્વારા અગાઉ લઈ જવાયેલી સર્વિસ બુકની યાદી આધારભૂત માહિતી મુજબ છે.

કપરાડા તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા ગેરરીતિ આચરીને ગાંધીનગર એલ એફ કચેરીએ મોકલવામા આવેલ સર્વિસ બુક શિક્ષકોના નામની ભરતી વર્ષ સાથેની યાદી ૧.હીનાબેન મોહનભાઈ જે સંઘના હોદ્દેદારો સાથે મળીને કામ કરે છે. જેની ભરતી વર્ષ ૧૯૯૮ માં થઈ છે. ૨.શંકરભાઈ બાપુભાઈ જાદવ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ના જિલ્લા પ્રચાર મંત્રી છે.જેની ભરતી વર્ષ ૧૯૯૮ થઇ છે. ૩.સરોજબેન અમ્રતભાઈ ચૌધરી જે કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના માજી પ્રમુખની પત્ની છે ભરતી વર્ષ ૨૦૦૦ માં થઈ છે. ૪.બિપીનભાઇ ઠાકોરભાઈ પટેલ કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ના પૂર્વ પ્રમુખ છે ભરતી વર્ષ ૨૦૦૦ માં થઈ છે. ૫.ગીતાબેન ગુમાનસિંહ પટેલ હુડા સીઆરસી કોર્ડિનેટર અને કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીના પત્ની ભરતી વર્ષ ૨૦૦૦ મા થઈ છે.૬.મંજુબેન ઝીણાભાઈ ગાંવિત કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખની પત્ની ભરતી વર્ષ ૨૦૦૩ માં થઈ છે. ૭.સતીષભાઇ કીકાભાઈ પટેલ દિક્ષલ સીઆરસી કોર્ડિનેટર અને કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ખજાનચી ભરતી વર્ષ ૨૦૦૪ માં થઈ છે.૮.ઉર્વશીબેન મનુભાઇ પટેલ કપરાડા તાલુકા બીઆરસી કોર્ડિનેટરની પત્ની ભરતી વર્ષ ૨૦૦૭ માં થઈ છે.આ તો એકમાત્ર નમૂનો છે. જે વહીવટી તંત્ર ગેરરીતિઓ ભ્રષ્ટાચાર આચરવામાં તાલુકાના પૂર્વ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જાણીતા છે. હાલના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ-મહામંત્રી-ખજાનચી તાલુકાના સીઆરસી કોર્ડિનેટર અને કપરાડા તાલુકાના બીઆરસી કોર્ડિનેટર બધાનીજ સામેલગીરી હોય ત્યારે શિક્ષકોનું કોણ ? ઘણાં ૧૯૯૭, ૧૯૯૮, ૧૯૯૯ , ૨૦૦૦, ૨૦૦૧, ૨૦૦૨ જેવી ભરતી વાળા શિક્ષકોનું કામ હજુ બાકી અને ૨૦૦૪ કે ૨૦૦૭ વાળાની કામગીરી કેમ? શિક્ષકો જેમની પાસે વગ ના હોય એવાં શિક્ષકોની સર્વિસ બુકનુ કામ થતું નથી અને એવાં શિક્ષકો પાસે દાબ દબાણ કરી રુપિયા ઉઘરાવવા આવું અનૈતિક કૃત્ય આચરી રહ્યા છે જે બાબતે તપાસ કરી જે શિક્ષણ જેવા પવિત્ર કામમાં પણ ભ્રષ્ટાચારમાં સામેલગીરી હોવાનું બહાર આવ્યું છે. યોગ્ય રીતે તપાસ કરી હોદ્દા પરથી દુર કરી એવા તમામ સામે ખાતાકીય તપાસ હાથ ધરી યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે વલસાડ જિલ્લાના અધિકારી નિષપક્ષ તપાસ કરી શિક્ષકોને ન્યાય અપાવે એ સમયની માંગ છે.

મોડાસામાં વિશાળ કેન્ડલ માર્ચ

હાથરસ કાંડના આરોપીઓને ફાંસીના માંચડે લટકવો અને પીડીત પરિવાર ને ન્યાય આપોની માંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરના ચાર રસ્તા પર મોટી સંખ્યામાં અનુ.જાતી સમાજના અગ્રણીઓ,યુવાનો,મહિલાઓ અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર,પ્રદેશ મંત્રી જયદત્તાસિંહ પુવાર,અરવલ્લી કોંગ્રેસ પ્રમુખ અને અગમ ફાઉન્ડેશનની મહિલા સદસ્યો એકઠા થયા હતા. અને સૌએ સૂત્રોચ્ચાર કરી ઉત્તર પ્રદેશ સરકાર વિરુદ્ધ પોતાનો રોષ ઠાલવ્યો હતો અને દલિત સમાજની આ દીકરીને ન્યાય મળે અને આરોપીઓને કડક સજા થાય તે માટે માંગણી કરી હતી. ઉપરાંત સૌએ ભેગા મળી કેન્ડલ માર્ચ કરી અને મૃતક ને શ્રદ્ધાંજલિ પણ પાઠવી હતી. ગેંગરેપના આરોપીઓને નિર્ભયા કેસ જેવી ફાંસીની સજા થાય તેવી સર્વે એ માંગણી કરી હતી.હાથરસ જિલ્લાના એક ગામમાં ૧૪ સપ્ટેમ્બરએ રોજ સવારે ૧૯ વર્ષીય યુવતી ગાય માટે ઘાસચારો લેવા બાજરાના ખેતરમાં ગઈ હતી ત્યારે નરાધમોએ તેની ઉપર ગેંગ રેપ કર્યો હતો અને યુવતી પર જીવલેણ હુમલો કરતા યુવતી ૧૫ દિવસ જેટલો સમય મોત સામે ઝઝુમ્યા બાદ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ ખાતે મોત સામેનો જંગ હારી ગઇ હતી. નિર્ભયા ગેંગરેપની જઘન્ય યાદોને તાજી કરતી ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે ત્યારે મોડાસા ચાર રસ્તા પર મોટી સંખ્યામાં લોકોએ એકઠા થઇ કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલી અર્પી હતી ભાજપ સરકાર અને યોગી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી આ જઘન્ય ગુન્હામાં સંકળાયેલ આરોપીઓન ઝડપથી ફાંસીની સજા કરવામાં આવેની માંગ કરી હતી

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પાટણના રેડક્રોસ ભવન ખાતે નિર્મિત નવા રેડક્રોસ ભવન તથા બ્લડ બેંકનું ઉદ્ઘાટન કર્યું.

કૃષિ સુધારા બિલ અંગે કેન્દ્રીય શિપિંગ તેમજ રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી માન. શ્રી મનસુખભાઈ માંડવિયાજી એ સુરત ખાતે પત્રકાર સંમેલનને સંબોધન કર્યું.

યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા દ્વારા સંચાલિત અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગનું ઉદ્ઘઘાટન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા દ્વારા સંચાલિત અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગ જે હજીયાની મારિયમબેન બાબુભાઇ ટાઢાની દાન સહાયથી નિર્માણ પામી છે. અલફેશાની હોસ્પિટલના ડિસ્પેન્સરી વિભાગ ની કુરઆન ખવાની ધવરા ઉદ્ઘઘાટન થયું હતું.

મોડાસા નગરની સેવાભાવી સંસ્થા યુનિટી જન સેવા ટ્રસ્ટના પ્રમુખ ગુલામ મોહમમદ ભૂરા, ઉપપ્રમુખ સલીમભાઈ સાબલિયા, સેક્રેટરી રઈશ મોડાસીયા તથા કારોબારી સભ્યો અને હોસ્પિટલ ના ચેરમેન ઉસ્માનગની મનવા, સેક્રેટરી સલીમભાઇ પટેલ (એસેન્ટ) છે જેવો હોસ્પિટલની સેવાકીય કામગીરી કરી રહ્યા છે. જયારે હોસ્પિટલના સલાહકાર ડૉક્ટર વસીમભાઇ સુથાર, ડૉક્ટર ઇમરાન ઇપ્રોલીયા અને ડૉક્ટર જુનેદ દઘાલિયાવાલા છે. આ હોસ્પિટલ ના મુખ્ય દાનવીર બાબુભાઇ ટાઢા છે.

વધુ ૧૦ લાખ પરિવારોને રાહત દરે અનાજ આપવાની રૂપાણી સરકાની જાહેરાત

ગાંધીનગર,તા.૪

રાજ્યના મુખ્યમંત્રી મુખ્યમંત્રી રૂપાણીએ ૧૦ લાખ પરિવારોને પુરતું અનાજ મળી રહે તે માટે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. હવે ફરી રાજ્યના વધુ ૧૦ લાખ પરિવારોને ફૂડ સિક્યુરિટી એક્ટ અંતર્ગત રાહત દરે અનાજ આપવાનો નિર્ણય લેવાયો છે. તમામ પરિવારોને ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત લાભ મળશે. રાજ્યના તમામ દિવ્યાંગ, ગંગા સ્વરૂપા બહેનો, વદ્ધ પેન્શન સહાય યોજનાના લાભાર્થીઓને પણ આ અનાજ વિતરણનો લાભ અપાશે.

કોરોના કાળ દરમિયાન સૌથી વધુ મુશ્કેલી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પડી છે. લોકડાઉન સમયે સરકાર દ્વારા આ પ્રકારના પરિવારોને મફતમાં અનાજ પુરુ પાડવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આ સંવેદનશીલ નિર્ણયથી ૫૦ લાખ જેટલાં ગરીબ-સામાન્ય વર્ગના લોકોને લાભ થશે. હવે એનએફએસએના મળવાપાત્ર તમામ લાભો આ વધુ ૧૦ લાખ પરિવારને પણ મળશે.

એનએફએસએમાં સમાવિષ્ટ ન હોય તેવા બીપીએલ પરિવારોને પણ હવે ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત લાભ મળશે. આ ઉપરાંત રાજયના તમામ દિવ્યાંગ, ગંગા સ્વરૂપા બહેનો, વદ્ધ પેન્શન સહાય યોજનાના લાભાર્થીઓને પણ આ અનાજ વિતરણનો લાભ અપાશે. શહેરો અને ગામોમાં વસતા રિક્ષાચાલકો, છકડો, મીની ટેમ્પો ચલાવનારા આવા રોજનું કમાઈને રોજ ખાનારા વાહન ચાલકોને પણ રાહત દરે અનાજ વિતરણમાં આવરી લેવાનો નિર્ણય લેવાયો છે.

પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનામાં પસંદગી પામેલ

વડગામ તાલુકાના બાદરપુરા ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાના હસ્તે વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત થયાં



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અનુસૂચિત જાતિઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અમલમાં છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ગામમાં ખૂટતી માળખાકીય સુવિધા ઉપલબ્ધ થઇ શકે તે માટે કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય નવી દિલ્હી દ્વારા પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ વીજળી, પાણી, સીસીરોડ, ગટર, રસ્તા જેવા માળખાકીય સુવિધાના કામો માટે કેન્દ્ર સરકાર દ્વારા ગામ દીઠ રૂ. ૨૦ લાખ આપવામાં આવે છે. પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના ત્રણ ગામો કેન્દ્ર સરકાર દ્વારા પસંદ કરવામાં આવ્યાં છે. જેમાં વડગામ તાલુકાનું બાદરપુરા, થરાદ તાલુકાનું ચુડમેર અને વાવ તાલુકાના જોરડીયાળી ગામનો સમાવેશ થાય છે. સરકારશ્રીએ તાજેતરમાં આ ત્રણ ગામોમાં માળખાકીય સુવિધાના કામો માટે ગામદીઠ રૂ.૨૦ લાખ પ્રમાણે કુલ રૂપિયા ૬૦ લાખની ગ્રાન્ટ બનાસકાંઠા જિલ્લાને ફાળવી છે, તે પૈકી આજે તા. ૨ જી ઓક્ટોબર-પૂજય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે વડગામના બાદરપુરા ખાતે રૂ.૨૦ લાખના વિકાસ કામોનું બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બાદરપુરા ગામનો સર્વાંગી વિકાસ થાય અને પાયાની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે તંત્ર પ્રયત્નશીલ હોવાનો જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ જણાવ્યું હતું. આ ઉપરાંત ગામમાં નલ સે જલ અંતર્ગત પૂર્ણતાને આરે પહોંચેલ કામોનું જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ નિરીક્ષણ કર્યું હતું. તથા ગામમાં અનુસૂચિત જાતિના વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલય લોકોના ઉપયોગ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. અનુસુચિત જાતિના વિસ્તારમાં તમામ સગવડો ઉપલબ્ધ થાય તે માટે સ્થાનિક આગેવાનો અને ગામના સરપંચ ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રયત્નશીલ હોવાનું તેમણે જણાવ્યું હતું.

બાદરપુરા ગામે યોજાયેલા આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્યશ્રી અશ્વિનભાઈ સક્સેના, ભૂતપૂર્વ સભ્યશ્રી જીરાવાલા, ગામના સરપંચશ્રી અન્ય પદાધિકારીઓ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નાયબ નિયામકશ્રી એચ. આર. પરમાર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી એ. એમ. છાસીયા સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને સારી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.